જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૨/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી ૪૪૫ લીટર દેશી દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૩૬/૧૬

**નિકોલઃ** નરેશભાઇ રમણલાલ પંચાલ (રહે.દેવનંદન પાર્ક ન્યુ ઇંડીયા કોલોની પાસે નવા નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૨/૧૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

## થેલો ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૨૨૩૭/૧૬

**નરોડાઃ** શામળજી ચેલાજી સોની (રહે.પલવ સોસાયટી ખોડીયાર માતાના મદિર પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૧૨/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક પોતાનુ વાહન પાર્ક કરતા હતા ત્યારે શામળજીના હાથમાંથી અજાણ્યા બે પુરૂષો થેલો ઝુંટવી લઈ નાસી ગયા હતા. થેલામાં સોનાના દાગીના કિમત રૂપિયા ૩૯,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૬૮,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૩૮/૧૬**

**બાપુનગરઃ** પ્રભુનાથ સદલુનાથ યાદવ (ઉ.વ.૬૨) (રહે.સોનેરીયા બ્લોક જનરલ હોસ્પિટલ સામે બાપુનગર) એ તા.૧/૧૨/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે કોઈ કારણસર પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** કેતનભાઈ મહાવીરભાઈ કહાર (ઉ.વ.૨૩) (રહે. ભાટીયાપોળ,આશિર્વાદ ફ્લેટ, રાયખડ) એ અગમ્ય કારણસર તા.૨/૧૨/૧૬ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા ખોડિયારબ્રીજ પાસે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)